ધોરણ–૯ થી ધો–૧૨ (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)
નું સળંગ એકમ ગણવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક–મશબ/૧૨૧૦/૩૦૭૦/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :–૨૪/૧૨/૨૦૧૪

**વંચાણે લીધા :–**

(૧) શિ.વિ.ના તા.૨૭–૦૪–૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃમશબ/૧૨૧૦/૩૦૭૦/છ.

(૨) શિ.વિ.ના તા.૦૯–૦૫–૨૦૧૧ના સુધારા ઠરાવ ક્રમાંકઃમશબ/૧૨૧૦/૩૦૭૦/છ.

(૩) કમિશ્નરશ્રી, શાળાઓ ગાંધીનગરના તા.૧૪–૧૧–૨૦૧૪ સીંગલ ફાઈલ ઉપરની દરખાસ્ત.

**આમુખ :–**

ઉપરોકત વંચાણે લીધેલ ઠરાવ(૧) અને (૨) અન્વયે ધોરણ–૯ થી ૧૨ ( ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક)નું સળંગ એકમ ગણવાની મંજુરી આપવામાં આવેલ છે. માધ્યમિક વિભાગ કાર્યરત છે, તેવી ગ્રાન્ટ ઈન એઈડ શાળાને ધોરણ–૧૧ની મંજુરી કમિશ્નરશ્રી શાળા ધ્વારા શાળાની ભૌતિક સુવિધા વિધાર્થીને ઉપલબ્ધી તથા જે તે વિસ્તારની જરૂરિયાતને ધ્યાને લઈને તબકકાવાર બજેટ જોગવાઈની મર્યાદામા ધોરણ–૧૧ અને ૧૨ના નવા વર્ગ આપવાની જોગવાઈ થયેલ છે. કમિશ્નરશ્રી શાળાઓની કચેરી ધ્વારા વંચાણે લીધેલ ક્રમાંક–૩ અન્વયે સીંગલ ફાઈલ પર ધોરણ–૧૧ને સળંગ એકમની મંજુરી સાથે ધોરણ–૧૨નાં પ્રથમ ક્રમિક વર્ગની મંજુરી આપવા દરખાસ્ત કરેલ છે.

**ઠરાવ :–**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રી ઠરાવે છે કે કમિશ્નરશ્રી શાળા ધ્વારા ધો–૧૧ ના વર્ગની સળંગ એકમ હેઠળ મંજુરીના હુકમ કરવામાં આવે છે, તેની બીજા વર્ષે ધો–૧૧ના વિધાર્થીની સંખ્યા ધો.૧૨મા આવતી હોય ( કેરી ફોરવર્ડ) ધો–૧૨ની પ્રથમ ક્રમાંક વર્ગની મંજુરી ઓનલાઈન આપવામાં આવે છે અને ત્યારબાદ વિગતવાર હુકમ કરવામાં આવે છે. જયાંસુધી ધો–૧૨ની મંજુરી મળતી નથી ત્યાં સુધી ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા ઈન્ડેક્ષ નંબર પાડવામાં આવતો નથી. આથી ધો–૧૧ની મંજુરી સાથે જ ધો.૧૨ની મંજુરી આપવામાં આવે તો ઈન્ડેક્ષ નંબર સરળતાથી અને ઝડપી આપી શકાય જેથી કરીને શાળામાં અભ્યાસ કરતા વિધાર્થીના પરીક્ષા ફોર્મ ભરવામાં બિન જરૂરી પ્રશ્નો ઉભા થાય નહિ તે હેતુસર કમિશ્નરશ્રી શાળાની વંચાણે લીધેલ ક્રમાંક(૩) અન્વયેની દરખાસ્તને જે તે વર્ષની બજેટ જોગવાઈ ભૌતિક સુવિધાઓ અને વિધાર્થીની ઉપલિબ્ધ અને જે તે વિસ્તારની જરૂરિયાત ધ્યાને લઈને કાર્યવાહી કરવાની મંજુરી આપવામા આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(એસ.એમ. મિસ્ત્રી)
સંયુકત સચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ,**

– માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.

– માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક. મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
– કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
– તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
– સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, સેકટર–૧૦ એ, ગાંધીનગર.
– નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– નાયબ સેકશન અધિકારીશ્રી /શાખા સિલેકટ ફાઈલ.